**ફોજદારી કેસ નં.૫૯૪૧૧/૨૫**

**ચલણ નં.**

**-: <u>આંક ૧ ની ફરીયાદ લગત હુકમ</u> :-**

અરજી વંચાણે લીધી, સાંભળ્યા, આ કેસ હાલનાં આરોપી/વાહન માલિક સામે ફરીયાદીએ મોટર વ્હીકલ એકટની જોગવાઈનાં ભંગ બદલ દાખલ કરેલ છે. આરોપી/વાહન માલિક સામે કેસ દાખલ થતા સ્વેચ્છાએ કોર્ટમાં હાજર થયેલ છે. આરોપી/વાહન માલિકની પ્લી રેકર્ડ કરતા બિનશરતી રીતે પોતે ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ છે કે, ભવિષ્યમાં આવો કોઈ ગુનો નહી કરે તથા આ પોતાનો પ્રથમ ગુનો છે તથા પોતે સામાન્ય વર્ગની વ્યકિત છે અને પોતાની રોજગારી માટે વાહન લઈ જવુ ચલાવવુ જરૂરી હતુ. તે દરમ્યાન અજ્ઞાનતા અને શરતચુકથી જોગવાઈનો ભંગ થયેલ છે. પોતાને અગાઉ કોઈ ગુનામાં સજા થયેલ નથી કે આવો કોઈ ગુનો કરેલ નથી. પોતાના ઉપર કુંટુંબની જવાબદારી છે. ગુના બદલ પોતાને પસ્તાવો થાય છે. તથા ભયની લાગણી અનુભવે છે. પોતાને ભુલ સમજાઈ ગઈ છે. ભવિષ્યમાં આવી ભુલ નહીં કરે અને ટ્રાફિકના કાયદાનું પણ પાલન કરશે તેની ખાત્રી આપે છે. વધુમાં જણાવેલ છે કે આ સંજોગોમાં પોતાને માફ કરવામાં આવે અને કોઈ સજા કે દંડ નહીં કરતા સુધારવા તક આપવામાં આવે.

આરોપી/વાહન માલિકની રજુઆત સાંભળી કેસ હકીકત ધ્યાને લીધી. આરોપી/વાહન માલિકે મોટર વ્હીકલ એકટની જે જોગવાઈઓનો ભંગ કરેલ છે તે ધ્યાને લીધી.કેન્દ્ર સરકારે મોટર વ્હીકલ એકટમાં ઘણા બધા સુધારા કરી દંડની રકમમાં વધારો કરેલ છે અને તેની પાછળનું કારણ લોકો ટ્રાફીકના નિયમો અને કાયદાની જોગવાઈ અનુસરે તે છે. આ ઉપરાંત ત્યારબાદ ગુજરાત સરકારે તેના અધિકારો વાપરી ગુજરાતનાં લોકોની આર્થિક સ્થિતિ તથા સામાજીક અને ભૌગોલિક પરિસ્થિતિ તેમજ કાયદાકીય બાબતોની જાણકારી વિગેરે ધ્યાનમાં રાખી જે ગુના માંડવાળ થવા પાત્ર હતા તેવામાં માંડવાળની રકમ નકકી કરેલ છે.

**<u>હુ ક મ</u>**

આ કામના આરોપી/વાહન માલિકે ફરીયાદમાં જણાવેલ ગુન્હો સ્વેચ્છાએ કોઈપણ જાતના દબાણ કે લાલચ વગર કબુલ કરેલ છે. આરોપી/વાહન માલિકની સ્વૈચ્છિક કબુલાત સ્વિકારી તેને એમ.વી.એકટની કલમ-૧૯૪(ડી) ના ગુન્હાના ભંગ બદલ સદર અધિનિયમની કલમ મુજબ શિક્ષાપાત્ર ગુન્હા માટે બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૫ મુજબ તકસીરવાર ઠરાવી દરેક ગુન્હા સબબ કુલ્લે રૂા.૫૦૦/- અંકે રૂપિયા પાંચસોનો દંડ, દંડ ન ભરે તો દિવસ -૦૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૦૪/૨૦૨૫
મુ.અમદાવાદ.

(શકિતસિંહ ઘનશ્યામભાઈ ચાંચુ)
૨૦ માં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ સીટી .
**CODE NO. GJ00885**